શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૨૭ • તા.૧૫ થી ૨૧ ઓક્ટોબર ૨૦૨૨




**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


KDO SANJIVANI

# સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજનાની વિશિષ્ટતા

# અરજદારોને તાત્કાલિક સહાય મળી જાય છે


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# નિષ્ફળતાના શિક્ષણથી સફળ થવાય છે

દુનિયાને સતત નિષ્ફળતા મેળવેલ વ્યક્તિ જ સફળતા કેમ મેળવવી તેના પાઠ ભણાવે છે. ઓછા પ્રયત્ને અનાયાસ સંપતિ કેમ સર્જવી તેની તાકમાં સૌ રહે છે. એના પાઠ ભણાવતા કઈ કેટલાં પુસ્તકો લખાય છે, વેંચાય છે અને ખપત થાય છે. પ્રત્યેક વ્યક્તિ પોત પોતાના ક્ષેત્રમાં રાતોરાત સફળતા મેળવા માંગે છે પણ કોઈ વિચારતું નથી કે ગોટલો વાવ્યા પછી જો પૂરા પાંચ વર્ષ સુધી એની સંભાળ લેવાય, માવજત, રખાવટ કરાય તો જ એ આમ્રવૃક્ષ બનીને મ્હોરે છે અને કેરીના રૂપે મીઠા મધૂર ફળ આપે છે. સફળતા ઝટ પામવી છે પણ, સંભાળ લેવા જેટલો કોઈને સમય નથી. સૌને સત્વરે પરિણામ જોઈએ છે. પરિણામે ઘરમાં કે ગેલેરીમાં વડલો અને પીપળો ઉગે છે પણ બોન્સાઈ વૃક્ષો રૂપે.

મનોવિજ્ઞાન શિક્ષણના સફળતા મેળવવાના સાત પગલાં જેવા સચોટ ને કારગત ઉપાય બતાવતા પુસ્તકોનો રાફડો આજે બજારમાં ઠલવાય છે. જેટલા પુસ્તકો એટલા જ જ્ઞાનગુરૂઓના વ્યાખ્યાન, પ્રવચન અને બોધપ્રદ ભાષણ સાંભળી ભલભલા મૂંઝાઈ જાય છે. પાછા એના લોભામણા શીર્ષકો જેમકે 'તનાવથી મુક્તિ', 'સફળતાને આંબવી સહેલી છે'. 'હતાશાને દૂર રાખો', 'સમયથી સાવધાન', 'થીંક પોઝિટીવ' જેવા ચાલાક અને ચબરાકીયા મથાળાથી માણસ ભ્રમિત થઈ જાય છે. એટલું ગાંઠે બાંધી રાખવું જોઈએ કે માણસ એ જો સતત હકારાત્મક વિચારો જ કરવા જોઈએ, નિષેધાત્મક કશું વિચારવું ન જોઈએ. જો સતત હકારાત્મક વિચારો જ કરીએ તો કાર્ય સિદ્ધિ અવશ્ય સાંપડે છે. નિષ્ફળતા નજીક ફરકતી નથી. માણસ સતત બુદ્ધિપૂર્વક પ્રયત્નો કરે અને ધીરજપૂર્વક પોતાના ધ્યેયની પ્રાપ્તિ માટે પરિશ્રમ કરતો રહે તો અને સિદ્ધિ સફળતા નક્કી મળે જ છે. એમાં કશી જ નવી વાત નથી.

કોઈ એક કાર્ય આરંભતી વખતે ભવિષ્યમાં આવનારી સંભવિત મુશ્કેલીઓ વિષે પણ અગાઉથી આયોજન હોવું જોઈએ. મુશ્કેલી આવે ને ન પણ આવે. એના વિચારમાં હતોત્સાહ થવું નહીં. પણ આયોજન એને પડકારવાનું જરૂર રાખવું. કોઈપણ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે એક માર્ગી વિચાર ન રાખવા જોઈએ. ગતિ અવરોધક પરિબળો આવશે એના ઉપાય પણ મનોમન ઘડવા જોઈએ. તરતાં આવડતું હોય અને બાવડા સશક્ત હોય તો બે કાંઠે ઘસમસતી વહેતી નદીના પ્રવાહમાં તરવું એ આનંદની અનુભતિ થઈ રહે છે. પણ તરતાં ન આવડતું હોય અને બાવડામાં બળ ન હોય તો પણ તુંબડાને વળગી તરી શકાય. પણ નિજાનંદ ન મળી શકે. સતત તુંબડો છૂટી જશે તો એનો ભય વ્યાપેલો રહે છે.

આપણી સફળતાની કેડી આપણને મળેલી નિષ્ફળતામાંથી, વેંઠેલી નુકસાનીના બોધ પાઠમાંથી જ જડવાની છે. બીજાના બોધ વચનો ઠાલા શબ્દોના ફીફાં ઝાંઝવાનું સૌદર્ય જરૂર આપશે પણ આપણને પાણીનો એક ઘૂંટડો સુદ્ધાં આપી શકશે નહીં. વિચારતા શીખીએ, બે કિનારાની વચ્ચે આપ બળે તરતાં શીખીએ અને સફળતા તથા નિષ્ફળતાના ઝૂલે ઝૂલી કાબેલિયતને કલા કૌશલ મેળવીએ અને સફળતા પામીએ.

– જ્ઞાતિમૈયા

# બગડેલી બાજી ને સંભાળીએ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

દુ:ખ અને મુશ્કેલી, આપતિ આવે છે. ત્યારે મન ઉદ્વેગ અનુભવે છે. જીવતર કડવું ઝેર બની ગયાનું લાગે છે. બનેલી ઘટનાને અનુલક્ષીને ભાવિનો ભય સતાવ્યા કરે છે. કોઈ આપણા વિશે શું ધારશે, કેવું વિચારશે, નજીકના લોકોનો શો પ્રતિભાવ હશે એવી ચિંતાઓ માણસને સતાવ્યા કરે છે. કેટલીક વખત દુ:ખ હકીકતમાં એટલું મોટું હોતું નથી જેટલી આપણે ધારણા કરી હોય છે, કોઈપણ વિચારને વલોવી વલોવીને એટલી વિકરાળ કરતા હોઈએ છીએ કે ભયના કારણે તેની માત્રા અનેકગણી વધી જાય છે. મોટા ભાગના દુ:ખો માનસિક હોય છે. મન પરથી બોજો હટી જાય તો દુ:ખ જલદીથી ભૂલી શકાય છે.

દુ:ખોને આપણે વાગોળી વાગોળીને ઘેરા બનાવી દઈએ છીએ. સુખ કરતાં દુ:ખનું સ્મરણ લાંબુ ચાલે છે. વિચારો અને કલ્પનાઓના ઘોડાઓ દોડાવીને જખમોને પંપાળતા રહીએ છીએ. કોઈપણ સમસ્યા એવી નથી જેનું સમાધાન ન હોય. સમયની સાથે બધું ઠીક થઈ જતું હોય છે. ત્યારબાદ માણસ બની ગયેલી ઘટનાઓ અંગે વિચારે તો તેને લાગશે કે આ બધી વ્યથા અને સંતાપ વેઠવાની જરૂર ન હોતી. દુ:ખના સમયે માણસ સ્થિર રહી શકતો નથી. તેનું મન પણ આ વિષય અંગે કેન્દ્રિત થઈ જાય છે. તેને બીજું કંઈ સૂઝતું નથી.

કપરા સંજોગો જીવનમાં આવે તેનાથી ગભરાઈ જવાથી કશું વળવાનું નથી. આવેલી મુસીબત સામે સંકલ્પ બધ્ધ રહીને લડે જ છૂટકો છે. આપણે હસતે મોઢે આ પડકારનો સામનો કરીએ કે દુ:ખી વદને પીડા સહન કરીએ એ બેમાંથી એકની પસંદગી કરવાની હોય છે. માણસનો દુ:ખનો પગ મેળવવાનું અતિ કઠિન છે. ચહેરા પર સ્મિત હોય, પરંતુ હૃદયમાં ઊંડી વેદના હોય, વ્યથા હોય તેને વ્યસ્ત કરી શકતા નથી. માણસે પોતાના દુ:ખોને ભીતરમાં સમાવી લેવાના હોય છે. દુ:ખ અને મુસીબતના રોદણાં રોવાનો કોઈ અર્થ નથી. આપણાં દુ:ખ અને મુસીબતની વાતોને સાંભળવાની કોઈને ફુરસદ નથી. આપણને સંતોષ ખાતર સામે વાળો આપણી વાત સાંભળી લેશે અને આવી તકલીફ પોતાને નથી એ જાણીને તેનો અહં સંતોષાશે.

આપણી તકલીફની વાતો કોઈ ખોટા માણસને કરીશું તો તે અંદર ખાનેથી ખુશ થશે. દુ:ખ અને મુશ્કેલીને દૂર કરવાનો માર્ગ આપણે પોતે જ શોધી કાઢવાનો હોય છે. સુખમાં સાથ અને દુ:ખમાં એકલતા જરૂરી છે. સુખનો આનંદ એકલા માણી શકાતો નથી અને દુ:ખને ટોળામાં વહેંચી શકાતું નથી. કેટલાક વખત જે આપણે કલ્પીએ છીએ તેવું જ બનતું હોય છે. દુ:ખના વિચારો સતત કરતા હોઈએ તો દુ:ખ નજર સમક્ષ આવે. સારી ભાવના અને સારા વિચારો હોય તો બધું સારું દેખાય, સારું થાય. નકારાત્મક વિચારો અને દુ:ખોની સંભવિત કલ્પના દ્વારા મુશ્કેલી આવે તે પહેલાં માણસ નબળો પડી જાય છે. દુ:ખ કરતા માણસને દુ:ખની ભ્રમણા વધુ પરેશાન કરે છે. સંતાપ આપે છે.

માણસ સુખને ટકાવી રાખવા અને દુ:ખને ટાળવા મથતો હોય છે. પણ જીવનની બાજી આપણા હાથમાં હોતી નથી. આપણને બાજીને સુધારવી પડે છે. કેટલીક વખત બગડેલી બાજી સુધરી જાય છે. તો કેટલી વખત સારી હોવ છતાં હારી જવાય છે. પ્રભુની કૃપા રહેમ પર પરમ શ્રધ્ધા અને અખંડ વિશ્વાસ રાખીએ તો દરેક બાજી આપણી તરફેણમાં હોય છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# મેડિકલ સમિતિની સંજીવની યોજનાની વિશિષ્ટતા અરજદારોને તાત્કાલિક સહાય મળી જાય છે

આહાર અને આરોગ્ય નાના અને નબળા પરિવારો માટે કપરા સંજોગો સર્જે છે. વધતી જતી મોંઘવારીને લીધે ખાદ્ય વસ્તુઓ, આહારના ભાવ આસમાનને આંબે છે. તો વધતી ઉંમરને કારણે વિવિધ રોગો ઉપરાંત અણધારી આફતની જેમ ત્રાટકતા રોગો અને તે માટે કરાતા ઈલાજ, સારવાર અને ઓપરેશન સામાન્ય સ્થિતિના લોકોની માટે પહોંચ બહારના થઈ ગયા છે. સારી, સુઘડ અને મોર્ડન ટેકનોલોજીથી સજ્જ હોસ્પિટલો, અનુભવી ડોક્ટરોનો યોગ્ય માર્ગદર્શન જો મળે તો મનમાં રાહત રહે કે હવે સાચી સારવાર મળશે અને જલ્દી સ્વસ્થ થઈ પૂર્વવત કામકાજ વ્યવહાર જોડાઈ જવાશે.

ઓંચિતી આવતી બિમારીને લીધે પરિવારમાં સૌ ચિંતીત થઈ જાય છે. આવી વિકટ પરિસ્થિતિમાંથી જ્ઞાતિજનોને ઉગારવા શ્રી સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ મેડિકલ સંજીવની સમિતિ દ્વારા રકમ જ્ઞાતિજનોને શ્રેષ્ઠ સારવાર કરવા ચપટી વગાડવા જેટલા સમય દરમ્યાન અપાય છે.

હાલમાં ઉકેલાયેલ કેસ નં.૮૮માં ૫ વર્ષીય બાળક રેયાંસ રાકેશ લોડાયા તા.૨૩ ઓગસ્ટની સાંજે તે જ્યાં રહે છે એ બિલ્ડીંગના ઘરમાં ગેસ સિલિન્ડરનો બ્લાસ્ટ થવાથી લોખંડનો સેફટીડોર ઉછળીને માતા-પુત્ર પર પડ્યો અને આગની ઝાળથી આખા શરીરે દાઝ્યાં પણ બંન્નેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલાઈઝ કરાયા લાંબા સમયની સારવારમાં દાઝેલા અંગો પર દરરોજ ડ્રેસિંગના ખર્ચ પોતાની બચતમાંથી કર્યા. પુત્ર રેયાંસની હજી એક અસ્થિભંગનું ઓપરેશન તથા દાઝેલ ભાગની ત્વચાની સારવાર લાંબો સમય ચાલશે. પરિવાર દ્વારા મેડિકલ સમિતિને રૂા.૫.૧૬ લાખની સહાય માટે અરજી મૂકી હતી. જે ગણત્રીના સમયમાં જોઈતી રકમ ક્રાઉડ ફંડિગ દ્વારા જમા થઈ જતાં તાત્કાલિક પરિવારની હોસ્પિટલમાં ચૂકવી દેવાયા.

આ તો તાજેતરનો કિસ્સો છે. આ રીતે દરેક સહાય અરજીની મદદ મામ માત્ર સમય દરમ્યાન કરાય છે. સ્પેશ્યિલિસ્ટ ડોક્ટરો, સઘતન હોસ્પિટલમાં સુયોગ્ય સારવાર જ્ઞાતિજનો મેળવીને જલદી સ્વસ્થ થાય એ માટે મેડિકલ સમિતિ સુયોગ્ય રીતે કાર્યરત છે અને જ્ઞાતિજનોની માટે વરદાન રૂપ કાર્ય ઉદારદિલ દાતાઓના સહયોગથી કરે છે.

---

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# યંગ મોડેલ ટી.વી.ફિલ્મ એક્ટ્રેસ એકતા જૈનને ઈન્ડિયા બિઝનેસ લીડરશીપ એવોર્ડ ૨૦૨૨ મળ્યો




કચ્છ મંજલ રેલડિયા હાલે મલાડ મુંબઈ. જ્ઞાતિની યુવા ટી.વી. ફિલ્મ એક્ટ્રેસ, એન્કર, મોડેલ કોરિયોગ્રાફર અને ડબિંગ આર્ટિસ્ટ તરીકે હિંદી ફિલ્મ ઉદ્યોગમાં આગવું નામ જમાવનાર એકતા હીરાચંદ જૈન-દંડને તાજેતરમાં આયબીસી ઈન્ફોમિડીયા દ્વારા ઈન્ડિયા બિઝનેસ લીડરશીપ એવોર્ડ ૨૦૨૨ પ્રદાન કરાયો. તે ઉપરાંત એકતા જૈન અને હિમાંશુ ઝૂનઝૂનવાળાની પાર્ટનરશીપ ફર્મ દ્વાપર પ્રોમોટર્સને પણ બેસ્ટ પી.આર. કુંપની તરીકેનો એવોર્ડ મળ્યો છે.

વ્યવસાયિક આર્ટિસ્ટ તરીકે ફિલ્મ ક્ષેત્રે વ્યસ્ત હોવા છતાં સોશ્યલ વર્કર તરીકે પણ તેણી આગળ રહી. વિવિધ એનજીઓ સાથે ગાઢપણે સંકળાઈ સેવાક્ષેત્રે પોતાનું બહુમૂલ્ય યોગદાન આપે છે.

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના લાગા ભરવાની સુવિધા

મુંબઈ મહાજનની હદમાં રહેતા જ્ઞાતિજનોને પોતાના વાર્ષિક લાગા ભરવાની સુવિધા માટે વિવિધ સ્થળો ઉપરાંત ઓનલાઈન સ્વીકારવાની સુવિધાજનક વ્યવસ્થા કરી છે. જેની માહિતી નીચે પ્રમાણે છે. લાગા એક સાથે પાંચ વર્ષ સુધીના ભરી શકાય છે.

૧) **મુંબઈ મહાજન ઓફિસ**, શ્રી અનંતનાથજી દેરાસર મુંબઈ. સોમવારથી શનિવાર કાર્યાલય સમય દરમ્યાન.

૨) **મુલુંડ** શ્રી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ). દર રવિવારે સવારે ૯ થી બપોરે ૧ સુધી.

૩) **ડોંબિવલી** શ્રી કદઓ મંડળ કાર્યાલય, ૧ ધનંજય એપાર્ટમેન્ટ, રામનગર, ડોંબિવલી. દર મહિનાના બીજા રવિવારે સવારે ૧૦ થી ૧.

૪) **ઓનલાઈન** ૧) યોગેશ કુરવા (મુંબઈ મહાજન)-૦૨૨ ૨૩૪૪૮૨૭૪, ૯૮૮૨૭૪૧૪૧૪, ૮૮૭૯૩૨૪૦૦૫ ૨) દિનેશ રામજી લોડાયા, સાંધવ-મુલુંડ-૭૭૧૮૮૮૦૧૭૧, ૯૩૨૦૩૨૭૯૭૭

# શત્રુંજય મહાતીર્થે શ્રી સિધ્ધાચલ ગુણ કલા સિનિયર સિટીઝનની પૂર્ણાહૂતિ પંચાન્હિકા મહોત્સવ-સંઘમાળા સાથે થઈ



શ્રી શત્રુંજય મહાતીર્થે મધે શ્રી આર્યરક્ષિત જૈન ધર્મરક્ષક સંઘ મુંબઈ આયોજિત અચલ ચાતુર્માસોત્સવ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં શ્રી સિધ્ધાચલ ગુણકલા સિનિયર સિટીઝન ૯૯ યાત્રાની પૂર્ણાહૂતિએ પંચાન્હિકા મહોત્સવ સહસંઘ માળા સંપન્ન થઈ.

સુશ્રાવિકા લક્ષ્મીબેન નરેન્દ્ર ગડા, મોટા રતાડીયા, ઘાટકોપરને વર્ધમાન તપની ૧૦૦ ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે વર્ધમાન તપોનિધિ પદ અર્પણ કરાયેલ. આ પ્રસંગે સંચાલકો અને આયોજકોનું ભાવપૂર્વક બહુમાન કરાયું હતું.

# સંજીવની યોજનાના શુભેચ્છક સહાયકર્તાની અનુમોદના

પરોપકાર જેમના હૈયે વસેલ છે, સ્વ સુખમાં પણ જેમને અન્યોની ખેવના કરવાનું કાળજે હોય છે એવા ઉદાર મનના માનવો મહાન કક્ષાના હોય છે. નાના, નબળા જરૂરિયાતવાળા જ્ઞાતિઓ જેઓ અણધારી બીમારી વશ થઈને ચિંતાથી ઘેરાઈ વળે છે. તેમની કાળજી મેડીકલ સમિતિની સંજીવની યોજના કરે છે.

ઉદારદિલ જ્ઞાતિ શ્રેષ્ઠીઓની કૃપાપાત્ર બનેલ આ યોજનામાં રૂા.૧૧ હજારનું ઉદાર અનુદાન આપી માતુશ્રી પુષ્પાબેન વસનજી મોતા હસ્તે શ્રીમતી મનિષા કમલેશ મોતા સુથરી હાલે ઔરંગાબાદ પરિવારના વડીલને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ રૂપે સ્મૃતિ કાયમ રાખેલ છે. જે માટે મોતા પરિવારની ભાવપૂર્વક અનુમોદના.

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન નલિયાના નવનિયુક્ત પદાધિકારીઓ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન નલિયાના તા.૧-૧૦-૨૦૨૨થી તા.૩૧-૩-૨૦૨૮ વર્ષમાં નવા પદાધિકારીઓની નિયુક્તિ કરાયેલ છે. જેમાં પ્રમુખ તરીકે મુલચંદ પદમશી મોતા, ઉપપ્રમુખ મનોજ ઝવેરચંદ લોડાયા, માનદમંત્રી તરીકે પિનાકીન જેઠાભાઈ છેડા, સહમાનદ્મંત્રી ચંદ્રેશ દિનેશ નાગડા, ખજાનચી તરીકે અંજય ચીમનલાલ નાગડા, ચેતન લહેરચંદ નાગડા પાંજરાપોળ (મુંબઈ), જુગલ માણેકજી નાગડા, પાંજરાપોળ (કચ્છ), રાજેશ લખમશી મોતા પાંજરાપોળ (કચ્છ). સ્થાનિક પેઢી વ્યવહાર તથા પાંજરાપોળ વિભાગ માટે મહેશ (મહેન્દ્ર) ખીમજી નાગડા અને યુવા કાર્ય સમિતિમાં યશ વિરેન્દ્ર લોડાયા તથા અર્પણ ફાલ્ગુની ખોનાની વરણી કરાઈ છે.




# ફિલ્મ નિર્માતા ધીર મોમાયાની ગુજરાતી ફિલ્મ 'છેલ્લો શો' ઓસ્કાર એવોર્ડ માટે ચયન થઈ

કચ્છ સાંયરાના અને મહાજનના ભૂતપૂર્વ ટ્રસ્ટી અને મહાજન પ્રમુખ સ્વ.શ્રી વિનોદભાઈ મોમાયા તથા શ્રી લીલુબેન મોમાયાના પૌત્ર ફિલ્મ નિર્માતા ધીર છાયાબેન નિર્મલ મોમાયા દ્વારા નિર્મિત ગુજરાતી ફિલ્મ 'છેલ્લો શો' last film showને કેન્દ્ર સરકારે ભારતની વિવિધ ભાષાની ફિલ્મોમાંથી શ્રેષ્ઠ ફિલ્મને ચૂંટીને આંતરરાષ્ટ્રીય કેન્સ ફિલ્મ ફેસ્ટીવલમાં ભારતની સર્વશ્રેષ્ઠ ફિલ્મ તરીકે પસંદ કરી ઓસ્કાર એવોર્ડ માટે સતાવાર એન્ટ્રી તરીકે મોકલાઈ છે. ફિલ્મના નિર્દેશક પાન નલિન છે. ધી કાશ્મીર ફાઈલ અને આરઆરઆર ફિલ્મ સાથેની ટક્કરમાં છેવટે છેલ્લો શો ચડિયાતી સાબિત થઈ કેન્દ્ર સરકાર દ્વારા સત્તાવાર એન્ટ્રી તરીકે પસંદગી થઈ છે.



# કચ્છ કોઠારા તીર્થે શાંતિનાથ જિનાલયમાં શ્રી નવપદજીની પૂજા ભણાવાઈ




કચ્છ અબડાસાની મોટી પંચતીર્થીના ઐતિહાસિક નગર કોઠારા તીર્થના શ્રી શાંતિનાથ જિનાલયમાં પ.પૂ.સાધ્વીશ્રી જગતચ્યાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં કોઠારા મહિલા મંડળની બહેનો દ્વારા શ્રી નવપદજીની પૂજા ભાવપૂર્ણ રીતે ભણાવામાં આવી. ઉપસ્થિત ભાવિક ભાઈ બહેનો આ ધર્મ આરાધનાનો અદ્‌ભૂત લહાવો પામી ધન્ય થયાં હતા.

# અમદાવાદ નગર સંઘમાં શ્રી સર્વતોભદ્ર મહાપૂજન સંપન્ન






અમદાવાદ નગરે પ.પૂ.સાધ્વીશ્રી અમિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૫ની પુનિત નિશ્રા સહ પ્રેરણાથી વિધિકાર શ્રી રાજા નંદુના સથવારે શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ આયોજિત સામૂહિક શ્રી સર્વતોભદ્ર (તિજયહુત્ત સ્તોત્રે ૧૭૦ જિન) મહાપૂજન ધર્મભાવપૂર્વક સાનંદ સંપન્ન થયા.





**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# તેરા તીર્થે જિનાલયની દ્વિશતાબ્દી મહોત્સવની આગોતરા આમંત્રણ પત્રિકાના કંકુ છાંટણા કરાયા







કચ્છ પ્રદેશના અબડાસા તાલુકાના મોટી પંચતીર્થીના ઐતિહાસિક તેરા તીર્થે શ્રી શામળિયા પાર્શ્વનાથ જિનાલયની દ્વિશતાબ્દી મહોત્સવની આગોતરા આમંત્રણની પત્રિકાના કંકુ છાંટણા પ.પૂ.સાધ્વીશ્રી જયધર્માશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં થયા. ત્યારબાદ પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. અને અન્ય સાધુ સાધ્વીજી ભગવંતોને ઉપરોક્ત આમંત્રણ પત્રિકા આપવામાં આવી હતી.

---

# યવતમાલ સંઘમાં શ્રી નવકાર જાપ અનુષ્ઠાનની ધર્મ આરાધના સાનંદ થઈ





શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ યવતમાલમાં નવકાર મંત્ર આરાધક જિજ્ઞેશ જે. નાગડા અને ટીમ દ્વારા શ્રી નવકાર જાપ અનુષ્ઠાન પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ ની પાવન નિશ્રામાં તા.૯ ઓક્ટોબર રવિવાર દિને સાનંદ ધર્મભાવ સાથે થયા.



# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

80G સર્ટિફીકેટ

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO दिव्यांग

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# શ્રી ક.દ.ઓ. જૈન સમસ્ત મહાજનની બીદુબી કમિટીના સહયોગથી નવી પહેલ

કોરાનાના લાંબા કપરા કાળની અસર સૌના ધંધા, રોજગાર પર પડી છે. જેને લીધે અનેક પરિવારોને આર્થિક, સામાજિક અસરો થઈ છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને જ્ઞાતિમૈયા સમસ્ત મહાજનની બીદુબી કમિટીના સહયોગથી વ્યવાસિકોને નોકરી ખાલી છે એ જરૂરત પૂરી કરવા અને યોગ્ય ધરાવતા જ્ઞાતિજનોને નોકરી જોઈએ છે એ માટે તક મળી રહે એ માટે બીડું ઝડપી તક પૂરી પાડશે.

તો આ વિભાગનો લાભ મળી રહે એ માટે આપની જરૂરિયાતની વિગત મોકલશો જે આ વિભાગ અંતર્ગત લિંકમાં એટેચડ કરાશે.

**જેમની કંપનીમાં નોકરી ખાલી છે તે લોકો અહીં ક્લીક કરીને આ ફોર્મ ભરે**


**નોકરીની જરૂરિયાત વાળા વ્યક્તિ ક્લીક કરીને આ ફોર્મ ભરે**


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**પ્રજેશ ખોના**
તા.૩૦ સપ્ટે. (ઉ.૬૬)
જખૌ-સાયન




**અશોક લોડાયા**
તા. ૧ ઓક્ટો. (ઉ.૫૮)
દલતુંગી-ડોંબિવલી



**કાંતાબેન લોડાયા**
તા. ૨ ઓક્ટો. (ઉ.૮૬)
તેરા-પુના



**દેવકુંવર ધરમશી**
તા. ૩ ઓક્ટો. (ઉ.૯૨)
કોઠારા-અમેરીકા



**હીરજી મુનવર**
તા. ૭ ઓક્ટો. (ઉ.૯૬)
જખૌ-અમરાવતી




**રત્નપ્રભા લોડાયા**
તા. ૮ ઓક્ટો. (ઉ.૭૬)
કુઆપધર-વિરાર (પૂ)



**ચીમનલાલ લાપસીયા**
તા. ૯ ઓક્ટો. (ઉ.૮૪)
રંગપુર-મુલુંડ



**ગોવિંદજી મૈશેરી**
તા. ૧૦ ઓક્ટો. (ઉ.૭૭)
લાલા-ડોંબિવલી



**દેવચંદ ધરમશી**
તા. ૧૦ ઓક્ટો. (ઉ.૭૫)
સુથરી-માટુંગા



**આરતી દંડ**
તા. ૧૧ ઓક્ટો.
ભરૂડિયા-દિવા



**મધુકર નાગડા**
તા. ૧૧ ઓક્ટો.(ઉ.૭૮)
જખૌ-ન્યુ બોમ્બે



**નવલબાઈ ધરમશી**
તા. ૧૧ ઓક્ટો. (ઉ.૮૫)
સુથરી-લોકાપુર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**





**પ્રિતી પોલડિયા**
તા. ૧૩ ઓક્ટો. (ઉ.૫૭)
ડુમરા-ડોંબિવલી



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● માધાપરની રમતગમત ક્ષેત્રે જાણીતી સંસ્થા સર્વોદય સ્પોર્ટસ સેન્ટર દ્વારા આંતરરાષ્ટ્રીય કક્ષાનું સિન્થેટિક ટેનિસ કોર્ટ સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના ઈષ્ટ અબજી બાપાના નામથી મુખ્યદાન અપાતા નામકરણ થયું છે. ૧૧ હજાર ચોરસ ફૂટમાં નિર્મિત આધુનિક કોર્ટનું લોકાર્પણ મણિનગર સ્વામિનારાયણ ગાદીના વર્તમાન આચાર્ય જીતેન્દ્રિય પ્રિયદાસજી સ્વામી દ્વારા કરાયું. ૧૯૮૧માં નોંધણી કરાયેલ સર્વોદય સ્પોર્ટસ સેન્ટરના એક હજારથી વધુ સભ્યો છે.

● લખનૌમાં થનારી સિનિયર મેન્સ નેશનલ હેન્ડબોલ ચેમ્પિયનશીપ માટે ગુજરાત રાજ્યની ટીમમાં સતત ત્રીજીવાર અંજાર તાલુકાના મીંદિયાળી ગામના જેતા રબારીનો સમાવેશ કરાયો છે. કચ્છના પ્રતિભાશાળી હેન્ડબોલ ખેલાડી જેતા રબારી અગાઉ બે વાર રાષ્ટ્રીય સ્પર્ધામાં રમી ચૂક્યો છે. તે માતુશ્રી આર.ડી.વરસાણી કુમાર વિદ્યાલય સાથે જોડાયેલ છે.

● મૂળ ગાંધીધામના અને મુંદરાની અદાણી પબ્લિક સ્કૂલમાં સેવા આપતા લિપ્સા મહેન્દ્રભાઈ પરમાર કચ્છ જિલ્લાના અગરિયા પરિવારના બાળકોની શૈક્ષણિક પરિસ્થિતિનો અભ્યાસ વિષે લખેલ મહા સંશોધનના નિબંધને કચ્છ યુનિ.ના શિક્ષણ વિભાગ દ્વારા સ્વીકારી પી.એચ.ડી.ની ડિગ્રી એનાયત કરી. તેમના માર્ગદર્શન તરીકે મુંદરા બી.એડ.કોલેજના પ્રિન્સિપલ ડૉ.એલ.વી.ફફલ રહ્યાં હતાં.

● ભુજના મોટર સાઈકલ પ્રવાસી મુસ્તાક સૈયદ આ પૂર્વે લગભગ સમગ્ર ભારત ઉપરાંત નેપાળ તેમજ ભૂતાનનો પ્રવાસ બાઈક પર કર્યો છે. હવે ફરી એકવાર પત્ની શમીમબેન સાથે ભુજથી, લેહ લદાખના દિલધડક પ્રવાસનો આરંભ જ્યુબિલી સર્કલથી સ્ટાર્ટ કર્યો. હિમાલય પર આવેલ ૧૮૩૮૦ ફૂટ દુનિયાની સૌથી ઊંચા પાસ ખારડુંગલા, પાંગોગ લેકની મુલાકાત સાહસિક દંપતી પ્રવાસ દરમ્યાન સિમલાથી શરૂ થતી મનમોહક સ્પીટી વેલીના દુર્ગમ અને બર્ફીલા સ્થળો, દુનિયાની સૌથી ઊંચી પોસ્ટ ઓફિસ હિક્કિમ કીલર, કુંજુમ, ચંદ્રતાલ વિગેરે આવી ૫૧૦૦ કિ.મી.નો પ્રવાસ ૨૩ દિવસમાં સંપન્ન કરશે. આ મોટર બાઈક સાહસ પ્રવાસને પશ્ચિમ કચ્છના પોલીસ વડા સૌરભ સિંહએ સ્ટાર્ટ કરાવ્યો હતો.

● ભુજ તાલુકાના બળદિયાની ૩૯ વર્ષીય મહિલા વાલુબેન ભરતભાઈ બડગાને મૈરિનો શાલના વિશિષ્ટ વણાટ માટે વર્ષ ૨૦૧૮નો રાષ્ટ્રીય પુરસ્કાર નવી દિલ્હીમાં વસ્ત્ર મંત્રાલય દ્વારા કાપડ મંત્રી પીયૂષ ગોયલના હસ્તે અર્પણ કરાયો. સન્માનમાં પ્રમાણપત્ર, પંચધાતુ ચંદ્રક તથા ૧.૫૦ લાખનો ધનરાશિ ચેક અર્પણ કરાયું. વાલુબેન ૧૭ વર્ષથી શાલ વણે છે. વાલુબેનને જે સાલ માટે પુરસ્કૃત કરાયા છે. તે રશિયન ઘેટાના ઉનમાંથી બનાવેલ હતી. ઘરમાં દેરાણી, જેઠાણી, ભત્રીજા સૌ સારા વણાટ કામના કારીગર છે.

● ચાલુ વર્ષનો ઉચ્ચ માધ્યમિક શાળાનો શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ નારાણપર ગામની સ્વામિનારાયણ કન્યા વિદ્યાલયના કર્મઠ આચાર્યા વર્ષાબેન જોશીને શિક્ષણ વિભાગ દ્વારા અપાયો. મુખ્યમંત્રીના હસ્તે શિલ્ડ અને ચેક અર્પણ કરી સન્માન કર્યું હતું. કન્યા કેળવણી ક્ષેત્રે શાળાનું પ્રગતિશિલ નામાંકન રાજ્ય રાષ્ટ્રકક્ષો ગ્રામ્ય દીકરીઓને ચમકાવનાર આચાર્યાના કાર્યની કદરથી તેમને નૂતન સરસ્વતી વિદ્યાલય ટ્રસ્ટ પરિવાર અને નારાણપર ગામજનોએ ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.

● મૂળ ગઢશીશાના હાલે મુંબઈના જાણીતા કિડની રોગ નિષ્ણાત ડો.નરેન્દ્રભાઈ દેઢિયાને આઈએમએ ઈન્ડિયા દ્વારા ઓનરરી પ્રોફેસરનો એવોર્ડ દિલ્હી ખાતે ત્રણ કેન્દ્રીય મંત્રીઓ અને ઈન્ડિયન મેડિકલ એસોસિએશના પદાધિકારીઓની ઉપસ્થિતમાં એનાયત કરાયો. સન્માનીત તબીબ ઘણા વરસોથી ભાયખલાની જે.જે.હોસ્પિટલમાં કિડની નિષ્ણાતના વડા તરીકે સેવા આપી રહ્યાં છે. આ ક્ષેત્રમાં બહોળા અનુભવ ધરાવતા ડૉ.નરેન્દ્રભાઈ દેઢિયા માદરે વતન કચ્છમાં બિદડા સર્વોદય ટ્રસ્ટ, કવીઓ જૈન મહાજન ભુજ આયોજિત કેમ્પ ખાતે અવરનવાર સેવા આપી છે.

● કચ્છના ઐતિહાસિક પાટનગર ભુજનું હૃદય ગણાતું હમીરસર તળાવ એક રીતે વિશિષ્ટ છે. તે છલકે એટલે સમગ્ર શહેરમાં મેઘોત્સવ મનાવાય અને તે ઓગનાતા તેને નગર સદન પ્રમુખના હાથે વધાવાય. મેઘ લાડુનું જમણ પણ યોજાય અને સરકાર દ્વારા એક દિવસની જાહેર રજા પણ જાહેર થાય. રાજ્યનું સંભવત આ પ્રથમ તળાવ છે જે છલોછલ થતાં આખું શહેર તેને નિરખવા ઉમટે છે. રાજાશાહીના વખતથી ચાલી આવતી પરંપરા અને ૧૯૬૦માં આરંભાયેલી મેઘ લાડુના જમણનો લાભ નગરસેવકો, નગર સદનના કર્મચારીઓ સાથે શહેરના ગણમાન્ય આગેવાનો નાગરિકોને આમંત્રણ અપાય છે.

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

PRESENTS



# RHD UNNATI LOAN INTEREST FREE

Now Expand & Secure Your Business with Quick & Hassle free Business Loans

**LAUNCH DATE : 4TH JULY 2022**

Minimum ₹ **50000** and
Maximum upto ₹ **5 Lakhs**

ROI 9.5% p.a. will be borne by the trust.

Processing Fee of 1% on the loan amount will be borne by the trust.

The borrower will only have to pay the monthly EMI timely

In Association with

ARIHANT BANK
Estd 1984
SHRI ARIHANT CO-OP. BANK LTD.

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai – 400 083
T : 022 25799326 / 9619486622 | F : 022 25799323

FOR ANY FURTHER DETAILS REQUEST YOU TO PLEASE CONTACT ANY OF THE BELOW MENTIONED BRANCHES

| | | | | |
|---|---|---|---|---|
| MASJID BUNDER<br>86526 30384 | MATUNGA (CR)<br>86526 30389 | GHATKOPAR<br>86526 30383 | BHANDUP<br>86526 30381 | MULUND<br>86526 30382 |
| THANE<br>86526 30388 | DOMBIVALI<br>86526 30386 | BORIVALI<br>86526 30390 | MOHILI VILLAGE<br>86526 30385 | VASHI<br>86526 30387 |

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)